

વિદેશીઓની આવાગમન વચ્ચે મોટી રાહત

રાજ્યના 20 જિલ્લામાં પ્રવેશેલ ઓમિક્રોનનો એક પણ કેસ એનઆરઆઈ જિલ્લા નવસારીમાં નોંધાયો નથી

છેલ્લા કેટલાક દિવસોમાં હાઈરીસ્ક દેશમાંથી આવેલ 2 જણા સહિત 100 કેસની વેરિયન્ટ ચકાસણી કરાઈ તેમાં કોઈમાં ઓમિક્રોન જણાયો નહીં

ભાસ્કર ન્યૂઝ | નવસારી

વિદેશમાંથી ભારતમાં અને રાજ્યના 20 જિલ્લામાં પણ પ્રવેશી ચૂકેલ કોરોનાનો ઓમિક્રોન વેરિયન્ટનો એક પણ કેસ એનઆર મઆઈ જિલ્લામાં ગણતરી પામતા નવસારીમાં હજુ નોંધાયો નથી.

પ્રથમ દક્ષિણ આફ્રિકામાં કોવિડનો ઓમિક્રોન નામનો નવો વેરિયન્ટ દેખાયો હતો.ત્યારબાદ દુનિયાના અનેક દેશોમાં આ વાયરસ ફેલાયો હતો,જેમાં ભારત દેશનો પણ સમાવેશ થાય છે. ગુજરાત રાજ્યમાં પણ ક્રમશઃ કેસો બહાર આવ્યા છે, જેમાં ફોરેન હિસ્ટ્રી ધરાવતા અને નહીં ધરાવનારા પણ છે. મંગળવાર સુધીમાં રાજ્યના એક બે નહીં પણ 20 જિલ્લામાં ઓમિક્રોનના કેસો સરકારી ચોપડે નોંધાઈ ચૂક્યાં છે પણ રાજ્યના આણંદ, ખેડા જેવા 3 એનઆરઆઈ જિલ્લામાં સમાવેશ થાય છે એવા નવસારી જિલ્લામાં હજુ સુધી એક પણ ઓમિક્રોનનો સત્તાવાર કેસ નોંધાયો નથી. મળતી માહિતી મુજબ છેલ્લા કેટલાક દિવસોમાં જિલ્લામાં 100 જેટલા કેસનું જિનમ સિક્વન્સ કરી વેરિયન્ટની તપાસ કરવામાં આવી છે,જોકે તેમાંથી કોઈનામાં ઓમિક્રોન વેરિયન્ટ જણાયો નથી. આ 100માં હાઈરીસ્ક દેશોમાંથી આવેલ અને પોઝિટિવ 2 કેસ પણ છે,જોકે તેના ઓમિક્રોન રિપોર્ટ પણ નેગેટિવ જ આવ્યાં હતા.

દોઢ મહિનામાં 1416 વિદેશથી આવ્યાં, 419 હાઈરીસ્ક દેશોમાંથી, 997 અન્ય દેશોમાંથી

નવેમ્બરના અંતથી એનઆરઆઈઓ આવવાની શરૂઆત થઈ જાય છે, જે ડિસેમ્બર અને જાન્યુઆરીમાં પણ આવતા રહે છે. નવસારી જિલ્લામાં આ સમય દરમિયાન (દોઢ મહિનામાં) 1416 જેટલા એનઆરઆઈ આવ્યાની જાણકારી છે. જેમાં ઓમિક્રોન હાઈરીસ્કમાં મૂકાયેલા દેશોમાંથી જ 419 તો આવ્યાં હતા. જેમાંથી 2 જણાંનો કોવિડ રિપોર્ટ પોઝિટિવ આવતા ઓમિક્રોનની ચકાસણી કરાઈ હતી, જે નેગેટિવ આવ્યા હતા. હાઈરીસ્ક સિવાયના દેશોમાંથી પણ 997 જણાં આવ્યાં છે, જોકે હજુ કોઈ કેસમાં ઓમિક્રોન હોવાનું સત્તાવાર રીતે ફલિત થયું નથી.

હાઈરીસ્ક દેશોમાંથી આવેલા 3 જણાનો રિપોર્ટ બાકી

ઓમિક્રોન માટે હાઈરીસ્ક ગણાયેલા દેશોમાંથી જિલ્લામાં આવેલા વધુ 3 જણાંના કોવિડ રિપોર્ટ પોઝિટિવ આવ્યાં છે. જેમાં ગણદેવી તાલુકાના 2 અને વિજલપોરનો 1 છે. આ ત્રણેયના સેમ્પલ ઓમિક્રોન વેરિયન્ટની ચકાસણી માટે ગાંધીનગર લેબમાં મોકલવામાં આવ્યા છે, જોકે તેનો રિપોર્ટ હજુ આવ્યો નથી.

ગુરુવારે 2 વર્ષના બાળક સહિત 157 કેસ, અડધા કેસ તો નવસારી શહેર-તાલુકામાં જ

ભાસ્કર ન્યૂઝ | નવસારી

નવસારી જિલ્લામાં ગુરૂવારે કોરોનાના 157 નવા કેસ નોંધાયા હતા, જેમાં 76 કેસ તો નવસારી શહેર તાલુકાના જ હતા.

દરરોજ ત્રીજી લહેરમાં કોરોનાના કેસોનો રેકર્ડ તૂટી રહ્યો છે.જેમાં ગુરૂવારે તો દોઢસોનો આક વટાવી 157 કેસ સરકારી ચોપડે નોંધાયા હતા. એમાંય લગભગ અડધા કેસ 76 તો એકલા નવસારી શહેર અને તાલુકામાં જ હતા. આ કેસોમાં વિજલપોરના 2 વર્ષીય બાળકનો પણ સમાવેશ થાય છે. જે કેસો નોંધાયા છે તેમાં 18 વર્ષથી નીચેના 11 વિદ્યાર્થી અને 60 વર્ષથી વધુ વયના સિનિયર સિટીઝનોનો પણ સમાવેશ થાય છે. 136 કેસ 18થી 60 વર્ષ વચ્ચેની વયના લોકોના હતા. વધુ 157 કેસ સાથે જિલ્લામાં કુલ કેસનો આંક 8221 ઉપર પહોંચ્યો હતો.

એક્ટિવ કેસ 625 થયા

કોરોનાની સારવાર લેતા 50 દર્દીઓ રિકવર પણ થયા હતા,જેની સાથે કુલ રિકવર સંખ્યા 7396 થઈ હતી. એક્ટિવ કેસની સંખ્યા 600 ને પાર કરી 627 ઉપર પહોંચી હતી. જોકે તેમાં થોડા જ હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે,મહત્તમ હોમ આઈસોલેશનમાં જ છે.

ડાંગમાં વધુ 2 પોઝિટિવ, કુલ એક્ટિવ કેસનો આંક 10 થયો

કાલીબેલ અને સાપુતારા પંથકમાં કેસ નોંધાયા

ભાસ્કર ન્યૂઝ | આહવા

જિલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારી ડો.ડી.સી.ગામીત તરફથી મળેલી વિગતો અનુસાર ગુરૂવારે જિલ્લાના કાલીબેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનાં કાર્યવિસ્તારનાં ભુજાડ ગામે 42 વર્ષીય મહિલા, અને સાપુતારા સ્થિત પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના કાર્યવિસ્તારનાં ગિરિમથક સાપુતારામાં 24 વર્ષીય યુવકનો કોરોના ટેસ્ટ રિપોર્ટ પોઝેટિવ આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, આ અગાઉ ડાંગ જિલ્લામાં 705 પોઝેટિવ કેસો નોંધાઈ ચૂક્યા છે. જે પૈકી 10 કેસ એક્ટિવ રહ્યાં છે. ટેસ્ટિંગની વિગતો જોઈએ તો, ડાંગ જિલ્લામા આજદિન સુધી કુલ 91,178 સેમ્પલો કલેક્ટ કરાયા છે,જે પૈકી 90,196 સેમ્પલો નેગેટિવ રહ્યા છે. 13મીએ 277 RTPCR સેમ્પલોના ટેસ્ટ રિપોર્ટ પેન્ડિંગ રહ્યાં છે. જ્યારે 208 એન્ટીજન ટેસ્ટ રિપોર્ટ નેગેટિવ રહ્યાં છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા 'કોરોના' ની દહેશત વચ્ચે તેના સંક્રમણને રોકવા માટે પ્રજાજનોને ફરજિયાતપણે સોશિયલ ડિસ્ટન્સ જાળવવા, માસ્કનો ઉપયોગ કરવા અને વારંવાર પોતાના હાથ ધોવાનો અનુરોધ કરાયો છે.

નગરપાલિકામાં સમાવાયેલા ગામડાઓમાં થઈ રહેલી ચોરીની ઘટના અટકાવો : રહીશો

જુના પીઆઈએ રજૂઆત અંગે ધ્યાન આપ્યું નહીં હોવાથી લોકોમાં રોષ

ભાસ્કર ન્યૂઝ | નવસારી

નવસારી ગ્રામ્ય પોલીસ વિસ્તારમાં આવેલ વોર્ડ નં.-13ની 54 સોસાયટીમાં ચોરીની ઘટના વારંવાર બનતી હતી.ત્યારે જુના પીઆઈને પેટ્રોલિંગ બાબતે રજૂઆત કરતા કોઈ ધ્યાન આપ્યું ન હતું. પીઆઈ કે.એન. પટણીને મળી તેમને આવકાર આપી નગરસેવક પ્રશાંત દેસાઈએ 54 સોસાયટીના હોદ્દેદારો સાથે રજૂઆત કરી હતી. જેમાં જણાવ્યું કે વોર્ડ નંબર નં. -13મા જમાલપોર, ઇટાળવા, તિઘરા વિસ્તારમા આવેલી ઘણી સોસાયટીમાં ચારથી પાંચ મોટી ચોરીના બનાવો બન્યા છે. એક જ ગેંગ આ ચોરીના બનાવને અંજામ આપે છે. ચોરીના બનાવો બન્યા બાદ આજસુધી કોઈ ચોર પકડાયેલ નથી. આ બાબતે જુના પીઆઈને રજુઆત કરી હતી પણ કોઈ ધ્યાન નહીં આપતા હજુપણ આ વિસ્તારમાં એક ગેંગ ચોરીની ઘટના માટે આવે છે. જેથી રાત્રિના સમયે પોલીસ દ્વારા પીસીઆર વાનથી દરેક વિસ્તારમાં રાઉન્ડ લેવામાં આવે તો ચોરીના બનાવો અટકે જેથી આ વિસ્તારની જનતાને રાહત મળે. આ બાબતે પોલીસ દ્વારા રાઉન્ડ મારવામાં આવે એવી અપીલ કરવામાં આવી હતી.

નવા PIને રજૂઆત કરી જાતે પેટ્રોલિંગ કરવાનું કહ્યુ છે

> *હાલમાં ગોવિંદનગર-૩, શિવપાર્વતી સોસાયટી તથા વૃંદાવન સોસાયટી તથા ક્રિષ્ના બંગ્લોઝમા ચોરીના બનાવ બન્યા હોય આ વિસ્તારમાં ભયનુ વાતાવરણ ફેલાયું છે. રૂરલ પોલીસ વિભાગના નવા પીઆઈ કે.એન.પટણીને જમાલપોર વિસ્તારની સોસાયટીના મુખ્ય સંચાલકો સાથે રાખી આ વિસ્તારમાં પોલીસ પેટ્રોલિંગ કરવામા આવે એ બાબતનું આવેદનપત્ર આપવામા આવ્યું હતું. આ બાબતે પીઆઈ કે. એન.પટણીએ પણ તાત્કાલિક અસરથી પીસીઆર વાન તથા સ્કૂટર દ્વારા પોલીસ જવાનો સવારે પાંચ વાગ્યા સુધી પેટ્રોલિંગ કરશે* »**પ્રશાંત દેસાઈ,** નગરસેવક, વોર્ડ નંબર-13

જિલ્લામાં 7205 સિનિયર સિટીઝન સહિતના 13893ને બુસ્ટર ડોઝ

નવસારી તાલુકામાં જ 36 % ને આ ડોઝ અપાયા

ભાસ્કર ન્યૂઝ | નવસારી

નવસારી જિલ્લામાં 60 વર્ષથી ઉપરના 7205 સહિત 13893 જણાંને કોવિડનો ત્રીજો બુસ્ટર ડોઝ આપી દેવાયો છે.

સરકારે 60 વર્ષની ઉપરની વયના, હેલ્થ તથા ફ્રન્ટલાઈન વર્કરોને હાલ કોરોનાના કેસો વધતા કોવિડ રસીનો બુસ્ટર ડોઝ આપવાનો નિર્ણય કર્યો હતો, જેની શરૂઆત અહીંના નવસારી જિલ્લામાં પણ થઈ છે. 13મીને ગુરૂવાર સુધીમાં જિલ્લામાં કુલ 13893 લોકોને કોવિડ રસીનો ત્રીજો ડોઝ (બુસ્ટર) આપી દેવાયો છે. જેમાં સિનિયર સિટીઝનોને 7205, ફ્રંટલાઈન વર્કર 2132ને અને 4556 હેલ્થ વર્કરને આપી દેવાયો છે. તાલુકાવાર જોઈએ તો નવસારી તાલુકામાં સૌથી વધુ 4932 જણાંને બુસ્ટર ડોઝ અપાયો છે. આ ઉપરાંત જલાલપોરમાં 2810, ગણદેવીમાં 2959, ચીખલીમાં 1515, ખેરગામમાં 265 અને વાંસદામાં 1412નો સમાવેશ થાય છે. જિલ્લામાં હાલ સુધીમાં 61441 બાળકને પહેલો ડોઝ આપી દેવાયો છે. જેમાં શાળાએ જતા 51124 અને શાળાએ ન જતા 10317 બાળકોનો સમાવેશ થાય છે.

વલસાડમાં હિન્દુ સંગઠનોનો ઉત્તરાયણે ડીજે,સ્પીકરો બંધના ફતવા સામે વિરોધ

ઉત્સવોથી આયુષ્ય વધે,દુ:ખો ભૂલાય છતાં પ્રતિબંધ મુદ્દે રોષ

ભાસ્કર ન્યૂઝ | વલસાડ

શુક્રવારે હિન્દુ સમાજના હર્ષોલ્લાસથી ઉજવાતા ઉત્તરાયણના તહેવારમાં લાઉડ સ્પીકર અને ડીજે વગાડવા પર પ્રતિબંધ મુકવા સામે વલસાડમાં હિન્દુ સંગઠનોએ સરકારના આ ફતવા સામે ભારે વિરોધ નોંધાવ્યો છે.ગુરૂવારે કલેક્ટર કચેરીએ મોરચો માડી સંગઠનોએ સરકાર કયા કારણસર આવા તહેવારોની ખુશી અને આનંદ છીનવવા માગે છે તેના પર પ્રશ્નાર્થ ઉભો કર્યો છે.

વલસાડ કલેક્ટર કચેરીએ વિવિધ હિન્દુ સંગઠનોએ કલેક્ટરને ઉદ્દેશી આવેદન પત્ર આપી વિરોધ નોંધાવ્યો હતો,હિન્દુ સંગઠનના આગેવાન બકુલ જોષીએ આ મુદ્દે સખત વિરોધ કરતાં જણાવ્યું કે, સરકાર હિન્દુઓના તહેવારો પર નવા નવા નિયમો અને ફરમાનો કરી રહી છે જેનાથી તહેવારોનું મહત્વ અને ખુશી છીનવાઈ રહી છે.તેમણે કહ્યું કે,સરકાર નીતનવા ફતવાઓ બહાર પાડતાં હિન્દુ સમાજના તહેવારોનું મહત્વ રહેતું નથી.જેથી ઉત્તરાયણે લાઉડ સ્પીકર અને ડીજે વગાડી ઉમંગથી તહેવારોની ઉજવણી કરવાની હિન્દુ સમાજની લાગણીને ઠેસ પહોંચે છે.આ મામલે હિન્દુસંગઠનોના કાર્યકરોએ વલસાડ કલેક્ટર કચેરીએ મોરચો માડી આવા પ્રતિબંધો સામે આક્રોશ ઠાલવ્યો હતો.

લાઉડ સ્પીકર,ડીજેથી કોરોના ફેલાતો નથી

> *ઉત્તરાયણના ઉત્સવમાં લાઉડ સ્પીકર કે ડીજે વાજિંત્રોથી કોરોના ફેલાતો નથી તો કયા કારણે આના પર પ્રતિબંધ લાદ્યો છે તે સમજાતું નથી. સરકાર હિન્દુ તહેવારોમાં નિયમો બહારપાડી લાઉડ સ્પીકર ન વગાડવા જાહેરનામુ બહાર પાડ્યું છે અને ડીજે લાઉડ સ્પીકર પર પ્રતિબંધ કર્યો છે તે સામે હિન્દુ સંગઠનોનો વિરોધ છે.જે અંગે કલેક્ટર કચેરીએ આવી આવેદન આપ્યું છે.*» **બકુલ જોષી,** હિન્દુ અગ્રણી, વલસાડ

કોરોનામાં મૃત્યુ પામેલાના પરિવારને સહાય આપો

ભાસ્કર ન્યૂઝ | નવસારી

કોરોના મહામારીમાં મૃત્યુ પામેલા મૃતકોના પરિવાજનોને અને મોંઘી સારવારના કારણે આર્થિક રીતે પાયમાલ થયેલા લોકોને મદદરૂપ થવાના હેતુથી ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતી દ્વારા કોવિડ-19 ન્યાય યાત્રાનું આયોજન સમગ્ર ગુજરાત રાજ્યમાં કરવામાં આવ્યું હતું. જેમાં નવસારી-વિજલપોર સિટી કોંગ્રેસ કમિટીના જિલ્લા પ્રમુખ શૈલેષ પટેલ, આસીફ ઉસ્માની, પ્રભા નરેશ વલસાડીયા સહિત કોંગ્રેસ અગ્રણીઓએ ગુરૂવારે નવસારી જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપ્યું હતું. કોંગ્રેસ દ્વારા કોવિડ-19 મૃત્યુ પામેલા દરેક મૃતક માટે 4 લાખનું વળતર આપવામાં આવે, કોવિડ-19 તમામ દર્દીઓના મેડિકલ બીલની રકમની ચૂકવણી કરવામાં આવે, સરકારી તંત્રની ઘોર નિષ્ફળતાની ન્યાયિક તપાસ કરવામા આવે અને કોવિડ-19થી મૃત્યુ પામેલા સરકારી કર્મચારીઓના સંતાન તથા પરિવારજનો પૈકી કાયમી નોકરી આપવામાં આવે તેમજ ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ અંતર્ગતની જોગવાઈ મુજબ આપદા સમયે રાહત સહાયના 4 લાખ કોરોના મૃતક ના પરિવારોને સરકાર તરફથી સહાય ચૂકવવામાં આવે એવી માગણી કરાઈ હતી. નરેશભાઈ વલસાડીયાએ જણાવ્યું કે કોરોના મહામારીમાં મોતને ભેટેલા લોકોના પરિવારજનો માટે તેમને આર્થિક સહાય મળે તે માટે કોવિડ-19 ન્યાય યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે.

હેપ્પી બર્થ ડે

નામ | **પ્રકૃતિ**

પિનેશભાઈ મોદી

15-01-2012

વલસાડ

PUBLIC NOTICE FOR LOST TITLE DOCUMENT

I, **Javed A. Shaikh- B.A.,LL.,B.-Advocate & Notary,** giving this Public-Notice for lost Document to all the concern parties. That Mr. Arvindkumar Chhagnlal Dedaniya had purchased the property bearing **Flat No. 404,** on **4th** Floor of **'Adinath Complex-A-1'** situated at Bhagadawada, Ta. Dist. Valsad. But in chain of the title, the document mentioned in following schedule is misplaced and it is not in physical possession of it's registered owner. Therefore, whoever has such right, interest, mortgage or any such claim/s on the said property as well as the said document, kindly inform me within the **4 days** by published this Public-Notice. Failed to do so, I will issue No-Claim Certificate, no such adverse claim/s will be entertained thereafter.

: Details of lost Document referred herein :

1. Original Registration Receipt (**R.R.**) of **Sale-Deed No. 940/2004** dated 07/04/2004 registered in Sub-Registrar, Office, Valsad, Ta. Dist. Valsad

Date : 13/01/2022

Office : 111, Rudraksh Complex,
Opp. Avabai High school Ground,
Valsad, Ta. Dist. Valsad - 396001
Mo. No. 89802 56882

Through myself
JAVED A. SHAIKH
B.A.,LL.B.
ADVOCATE & NOTARY

14મી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

સ્વ.પાલીબેન ઠાકોરભાઈ ભંડારી
સ્વ.તા.૧૪/૦૧/૨૦૦૮

સુખથી કદી છલકાયા નહી, દુઃખથી કદી ડગ્યા નહી, વ્યવહાર કદી ચુક્યા નહી, ધર્મ કદી ભુલ્યા નહી, જીવનભર પરિશ્રમના દિવસો વિતાવી પરિવારને સમૃધ્ધ બનાવી આશા અને અરમાનોની શ્રેષ્ઠ ક્ષણે પરિવારથી વિખુટા પડી અનંતયાત્રાએ ચાલ્યા ગયા, પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ અંતરની પ્રાર્થના.

લિ.
ઠાકોરભાઈ પરાગજી ભંડારી
રણજીતભાઈ ઠાકોરભાઈ ભંડારી(પુત્ર)
દિપીકાબેન રણજીતભાઈ ભંડારી(પુત્રવધુ)
ધનસુખભાઈ ઠાકોરભાઈ ભંડારી(પુત્ર)
ધર્મિષ્ઠાબેન ધનસુખભાઈ ભંડારી(પુત્રવધુ)
પલ ધનસુખભાઈ ભંડારી(પૌત્રી)
ઈશા ધનસુખભાઈ ભંડારી (પૌત્રી)
તક્ષ ધનસુખભાઈ ભંડારી (પૌત્ર)
તથા સમસ્ત પરિવાર

સ્થળઃ- કુંન્તા મંદિર ફળિયા દમણ રોડ,વાપી

રાજપૂત અવસાન - બેસણું

સ્વ. દશરથસિંહ લક્ષ્મણસિંહ રાઠોડ

જન્મ તા. 26-10-1955 સ્વ. તા. 11-01-2022

અત્યંત દિલગીરી સાથે જણાવવાનું કે અમારા પિતાશ્રી દશરથસિંહ લક્ષ્મણસિંહ રાઠોડ નું તા. 11-01-2022 ના રોજ સ્વર્ગવાસ થયેલ છે.

સદગતનું સંયુક્ત બેસણું:- તા. 15-01-2022 ને શનિવાર ના રોજ બપોરે 2:00 થી 5:00 કલાકે રાખેલ છે.

કોરોનાની ગાઈડલાઈનનું પાલન કરવું.

શોકમગ્ન
કમલેશસિંહ દશરથસિંહ રાઠોડ (પુત્ર)
પ્રદીપસિંહ દશરથસિંહ રાઠોડ (પુત્ર)
તથા સમસ્ત રાઠોડ પરિવાર
પિયર પક્ષ : સમસ્ત દરૂ પરિવાર

નિવાસ સ્થાનઃ બ્રાહ્મણ ફળિયા, નરોલી, દાદરા નગર હવેલી.

ટોકિયો પ્લાસ્ટ ઈન્ટરનેશનલ લિમિટેડ
રજી. ઓફિસઃ પ્લોટ નં. 363/1 (1, 2, 3), શ્રી ગણેશ ઈન્ડસ્ટ્રીયલી એસ્ટેટ, કાંચી ગામ રોડ, દમણ, દમણ અને દીવ-396210
CIN: L25209DD1992PLC009784
વેબસાઈટઃ www.tokyoplastint.in
ટેલિ. : +91-22-61453300,
ફેક્સઃ +91-22-66914499

નોટીસ

સેબીના નિયમન 47ને નિયમન 29 સાથે વંચાણે લઈને (જવાબદારી અને જાહેર કરવાની જરૂરિયાતની યાદી) નિયમો 2015થી નોટીસ આપી જાણ કરવામાં આવે છે કે, 31 ડિસેમ્બર, 2021 ના અંતે કંપનીના પૂરા થતા ત્રિમાસિક અનઓડિટેડ નાણાકીય પરિણામને માન્ય કરી બહાલી આપવા કંપનીના બોર્ડ ઓફ ડાયરેક્ટરોની મીટીંગ 24 જાન્યુઆરી, 2022 ના રોજ યોજાશે.

વધુ વિગતો માટે રોકાણકારો મુલાકાત લો- કંપનીની વેબસાઈટ www.tokyoplastint.in અને સ્ટોક એક્સચેન્જની વેબસાઈટ www.bseindia.com, અને www.nseindia.com

બોર્ડના આદેશ અનુસાર
સહી/-
હરેશ વી. શાહ, ડાયરેક્ટર
DIN: 00008339

સ્થળઃ મુંબઈ,
તા.12/01/2022

ટોકિયો ફાયનાન્સ લિમિટેડ
રજી. ઓફિસઃ પ્લોટ નં. 363/1 (1, 2, 3), શ્રી ગણેશ ઈન્ડસ્ટ્રીયલી એસ્ટેટ, કાંચી ગામ રોડ, દમણ, દમણ અને દીવ-396210
CIN: L65923DD1994PLC009783
વેબસાઈટઃ www.tokyofinance.in
ટેલિ. : +91-22-61453300,
ફેક્સઃ +91-22-66914499

નોટીસ

સેબીના નિયમન 47ને નિયમન 29 સાથે વંચાણે લઈને (જવાબદારી અને જાહેર કરવાની જરૂરિયાતની યાદી) નિયમો 2015થી નોટીસ આપી જાણ કરવામાં આવે છે કે, 31 ડિસેમ્બર, 2021 ના અંતે કંપનીના પૂરા થતા ત્રિમાસિક અનઓડિટેડ નાણાકીય પરિણામને માન્ય કરી બહાલી આપવા કંપનીના બોર્ડ ઓફ ડાયરેક્ટરોની મીટીંગ 24 જાન્યુઆરી, 2022 ના રોજ યોજાશે.

વધુ વિગતો માટે રોકાણકારો મુલાકાત લો- કંપનીની વેબસાઈટ www.tokyofinance.in અને સ્ટોક એક્સચેન્જની વેબસાઈટ www.bseindia.com

બોર્ડના આદેશ અનુસાર
સહી/-
હરેશ વી. શાહ, ડાયરેક્ટર
DIN: 00008339

સ્થળઃ મુંબઈ
તા.12/01/2022

મે. વલસાડના પ્રિન્સીપાલ ડીસ્ટ્રિક્ટ જજ સાહેબની કોર્ટમાં, મુ. વલસાડ

પરચુરણ દિવાની ગાર્ડીયન અરજી નં. 01/2022
ઠરાવી તારીખ :- 05/02/2022

અરજદાર :- રાહુલ ધનપાલ પરીખ તે સગીર વીર રાહુલ પરીખના કુદરતી વાલી અને ઈષ્ટ મિત્ર
રહે - ફ્લેટ નં. 10, જય ધનશ્યામ કૃપા સોસાયટી,
લાલા લજપતરાય સોસાયટી, ભાવિ મોટર ટ્રેનીંગ શાલે સમોર,
વિલેપાર્લે વેસ્ટ મુંબઈ, મહારાષ્ટ્ર - 400056
વિ.

સામાવાળા :- કોઈ નથી

આ જાહેર નોટીશ અનવયે લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, આ કામના અરજદાર ઉપર મુજબના સરનામે પોતાના કુટુંબ-કબીલા સાથે રહે છે અને ઘરકામ કરી ગુજરાન ચલાવે છે. આ કામના અરજદાર ને એક સંતાન રાહુલ ધનપાલ પરીખ છે. તથા અરજદારનો પુત્ર હાલ સગીર છે, જેની જન્મ તારીખ : 20/11/2014 ના રોજની છે. આ કામના અરજદારના પત્નિ નેહા નગીનદાસ દોશીનું તા. 06/11/2019 ના રોજ અવસાન થયેલ છે. મોજે નનકવાડા તા. વલસાડ જી. વલસાડ મુકામે આવેલ જુનો સર્વે નંબર 5 પૈકી જેનો નવો સર્વે નંબર 1290 વાળી જમીનમાં બાંધવામાં આવેલ જીનદર્શન એપાર્ટમેન્ટમાં બીજા માળે આવેલ ફ્લેટ નં. 201 જેનું બાંધકામ ક્ષેત્રફળ કારપેટ એરીયાની ગણતરીએ ક્ષેત્રફળ કુલ 800 ચો. ફુટ જેનો નનકવાડા ગ્રામ પંચાયતે ઘર 1495 વાળી મિલકત સગીર વીર રાહુલ પરીખના નામે ચાલી આવેલ છે, સદરહુ મિલકતનાં મુળ માલીક મર્હુમ નગીનદાસ દેવચંદ દોશીનાં નામે ચાલી આવેલ હતી. જેઓ 20/01/2016 ના રોજ અવસાન પામેલ છે. જેથી તેઓનાં સીધીલીટીના વારસદારોમાં તેઓના પત્નિ નામે હીરાલક્ષ્મી નગીનદાસ દોશી જેઓ પણ તા. 21/09/2017 ના રોજ અવસાન પામેલા છે તથા એક દિકરી નામે નેહા તેઓ પણ તા. 06/11/2019 ના રોજ અવસાન પામેલા છે. જેથી તેઓનાં એક વારસદારમાં અરજદારનાં પુત્ર વીર રાહુલ પરીખનું નામ દાખલ કરવામાં આવેલ છે. એ રીતે સદરહુ મિલકતના માલિક સગીર વીર રાહુલ પરીખ એકલા થયેલ. અરજદારે ઉપરની વર્ણનવાળી મિલકતનું વેચાણ કરવા પરવાનગી માટે અત્રેની કોર્ટમાં સદર અરજી કરેલ છે જેની સામે કોઈ ઈસમોને વાંધા હોય તેઓ સર્વે અત્રેની પ્રિન્સીપાલ ડીસ્ટ્રિક્ટ કોર્ટ, વલસાડ મુકામે મુદત તારીખ : 05/02/2022 ના રોજ સવારે 10:30 કલાકે ઉપસ્થિત થઈ સદર અરજીનાં તમામ કાગળ પત્ર તપાસી અને પોતાની કેફીયત તથા કોઈ વાંધો હોય તો તે લેખિત સ્વરૂપમાં રજુ કરવા. અન્યથા અરજદારના નામની માંગ્યા મુજબની પરવાનગી આપવામાં આવશે. જેની નોંધ લેશો.

ગામનું નામ	ઘર નંબર	સર્વે નંબર	બાંધકામનું કુલ ક્ષે.	સગીરનો હિસ્સો
નનકવાડા	1495	નવો - 1290 જુનો - 5	800 ચો. ફુટ	સદર જમીન પર બાંધેલ એપાર્ટમેન્ટ જનદર્શનનો બીજા માળનો ફ્લેટ નં. 201

આજ તારીખ 13 જાન્યુઆરી 2022 ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યા.

તૈયાર કરનાર
સહિ/-
આસીસ્ટન્ટ

મુકાબલ કરનાર
સહિ/-
જ્યુડીશયલ બ્રાંચ
ડે. રજીસ્ટ્રાર

કોર્ટનો સિક્કો

હુકમથી
સહિ/-
ડે. રજીસ્ટ્રાર
જ્યુડીશયલ બ્રાંચ
ડીસ્ટ્રીક્ટ કોર્ટ, વલસાડ

નાગધરા ગામે ઘરઆંગણે પાર્ક કરેલી બાઈકની ઉઠાંતરી

ગ્રામ્ય પોલીસ મથકે ફરિયાદ નોંધાવી

ભાસ્કર ન્યૂઝ | નવસારી

નવસારીમાં નાગધરા ગામે ઘરઆંગણામાં મુકેલ બાઈક કોઈ ચોર ડુપ્લિકેટ ચાવી વડે લોક ખોલી ચોરી જતા ગ્રામ્ય પોલીસ મથકે ફરિયાદ નોધાવી હતી. નવસારીના નાગધરા ગામે રહેતા ખાલપ છોટુભાઈ પટેલે ગ્રામ્ય પોલીસ મથકે ફરિયાદ નોધાવી હતી કે તેઓએ તેમની બાઈક (નં. GJ-21-AL-9566) ઘર આંગણે મૂકી હતી. તે કોઈ ચોર રાત્રિના સમયે ડુપ્લિકેટ ચાવી વડે અથવા સ્ટિયરીંગ લોક તોડી તેમની બાઈક ચોરી ગયો હતો. જેની શોધખોળ કરતા મળી નહીં આવતા તેમણે બાઈક ચોરીની ફરિયાદ નોંધાવતા એહેકો ઉમેશભાઈ અશોકભાઈ તપાસ કરી રહ્યાં છે.

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

આરઓએસએઆરબી વલસાડ : બેંક ઓફ બરોડા,
રીજનલ ઓફિસ, મહાલક્ષ્મી ટાવર, ૧લો માળ,
તિથલ રોડ, વલસાડ. ફોન : 02632-241454
M.: 7434053555 ઈ-મેલ : sarbul@bankofbaroda.co.in

સ્થાવર મિલકતોના વેચાણ માટે નોટીસ
પરિશિષ્ટ-૪-એ (જુઓ નિયમ ૮(૬)ની જોગવાઈઓ)

સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એનફોર્સમેન્ટ)નિયમો, ૨૦૦૨ના નિયમ ૮(૬) ની જોગવાઈઓ સાથે વંચાતા સિક્યોરીટાઈઝેશન અને રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ અને એનફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ હેઠળ સ્થાવર મિલકતોના વેચાણ માટે ઈ-હરાજી વેચાણ નોટિસ

આથી ખાસ કરીને દેવાદાર(રો) તથા જામીનદાર(રો)તથા જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે નીચે જણાવેલ સ્થાવર મિલકતો સિક્યોર્ડ લેણદારને ગીરો/ચાર્જ કરાયેલ છે, જેનો કબજો બેંક ઓફ બરોડા, સિક્યોર્ડ લેણદારના અધિકૃત અધિકારીએ લઈ લીધો છે, જેનું નીચે દર્શાવેલ એકાઉન્ટ/ટોની વસુલાત માટે **"જ્યાં છે", "જે છે" અને "જેમ છે" "આશ્રય વિના"**ના ધોરણે વેચાણ કરવામાં આવશે. દેવાદાર/રો/ જામીનદાર/રો/ સિક્યોર્ડ મિલકત/તો/બાકી રકમ/ રીઝર્વ કિંમત / ઈ-હરાજીની તારીખ અને સમય, ઇએમડી અને બીડ વૃદ્ધિની રકમ નીચે મુજબ છે.

ક્રમ નં.	દેવાદાર/રો/જામીનદાર/રોના નામ અને સરનામા	જાણમાં હોય, જો કોઈ હોય તો તેવા બોજા સહિત મિલકતોની વિગત	કુલ બાકી રકમ	રીઝર્વ કિંમત, ઇએમડી અને બીડ વૃદ્ધિની રકમ
1.	**મે, એમ. એલ. ઇન્ડસ્ટ્રીઝ,** ગાલા નં. ૧, આર.એસ.નં. ૩૩૬/૨, કાચીગામ ક્રિકેટ ગ્રાઉન્ડની પાછળ, નાની દમણ-૩૯૬૨૧૦	**શ્રી ગોપાલ અમોલકચંદ જોષીથી** સંબંધિત ઇન્ડસ્ટ્રીયલ ગાલા નં. ૯ અને ૧૦ ક્લાસિક ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, સર્વે નં. ૬૬૯/૬એ, સોમનાથ રોડ, ડાભેલ, દમણ ના ગ્રાઉન્ડ ફ્લોર પર ૮૫૦ ચો.ફીટ ક્ષેત્રફળ સમાવતી મિલકતના તમામ પીસ અને પાર્સલ. **ચતુઃસીમાઃ પૂર્વઃ** ગાલા નં. ૮, **પશ્ચિમઃ** ખુલ્લી જમીન, **ઉત્તરઃ** આંતરિક રોડ, **દક્ષિણઃ** આંતરિક રોડ.	**રૂ. 96,53,697.68/- + 23.01.2021 થી માન્ય લાગુ નહીં કરાયેલ વ્યાજ બાદ વસૂલાત જો હોય તો**	**રીઝર્વ કિંમત :** રૂ. 21.04 લાખ **ઇએમડી :** રૂ. 2.11 લાખ **બીડ વૃદ્ધિ :** રૂ. 5,000/-

● **કબજાનો પ્રકાર : ભૌતિક**
● **ઈ-હરાજીની તારીખ અને સમય : ૧૭.૦૨.૨૦૨૨ બપોરે ૨:૦૦ થી સાંજે ૦૬:૦૦ કલાક સુધી**
● **બીડર્સ માટે મિલકતની મુલાકાતની તારીખ અને સમય : ૧૫.૦૨.૨૦૨૨ સવારે ૧૨:૦૦ થી બપોરે ૦૨:૦૦ કલાક સુધી**

દેવાદાર/જામીનદાર/ગીરવેદારોને ૩૦ દિવસીય કાનુની નોટીસ વેચાણ નોટીસ

વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે https://www.bankofbaroda.in/e-auction.htm અને https://ibapi.in., https://www.mstcecommerce.com/auctionhome/ibapi/index.jsp. માં આપેલ લિંક જોવા વિનંતી છે. ભાવી બીડરો અધિકૃત અધિકારીનો **ટે.નં. 02632-241454 મો.: 7434053555** પર સંપર્ક કરી શકે છે.

તારીખ : ૧૨.૦૧..૨૦૨૨ | સ્થળ : ROSARB, વલસાડ નોંધ : વિવાદની સ્થિતીમાં આ નોટીસનો અંગ્રેજી અનુવાદ માન્ય ગણાશે. **અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા**

PUBLIC NOTICE

On the Basis of instruction given by **HDFC Bank Ltd.** vide mail dated 06.01.2022, Notice is hereby given that **M/s. AMBA CONDUCTORS, A Partnership Firm** is intending to avail bank loan facility from HDFC Bank Ltd. by creating of mortgage/charge of the immovable property mentioned in **SCHEDULE-I** belonging and running in the name **M/s. AMBA CONDUCTORS, A Partnership Firm** and that the documents which are lost/misplace/Not found despite several efforts described in **SCHEDULE-II.**

SCHEDULE – I (Description of the Immovable Property)

ALL THE PIECE AND PARCEL of the immovable Property being Non-Agricultural Plot bearing No. 328/5, admeasuring about- 715.00 Square Meters, Situated at Village- Kachigam, Taluka of Daman, Sub-District and District of Daman.

Schedule-II (List of Documents Lost/Misplaced)

1. Original Registered Sale Deed bearing Serial No. 664/1997 dated 09.05.1997 alongwith its Original Registration Fee Receipt.

Documents mentioned herein above at **SCHEDULE-II** is not found with the owner and has reported to lost/ misplaced/ not found and therefore is this notice is issued. If any person/s or any Bank or any Financial institution having any charge, lien, right, title or interest over the above said property should inform the undersigned with the relevant documentary evidence in person within **14 (Fourteen)** days from the date of publication of this notice. Failing which the title of the above said property will be presumed to be clear and marketable and my client will get executed the mortgage in respect to the above said property in their favour.

Office No. 07, "Garnet",
Seven Jewels, Vapi (E) 396191.
E-Mail Id: charugbhatt@gmail.com

CHARU BHATT
ADVOCATE